M/S VARIA ALUMINIUM PRIVATE LIMITED (IN LIQUIDATION)

Liquidator's Address: 9-B, Vardan Complex, Nr. Vimal House, Lakhudi Circle, Navrangpura, Ahmedabad - 380 014. Contact: +91-79-26566577, Email ID: rdc_rca@yahoo.com

E-AUCTION SALE NOTICE

Notice for sale of the assets through E-Auction is hereby given to the public in general under section 35(f) of the Insolvency and Bankruptcy Code 2016 r.w. regulation 33 of Liquidation Process Regulations

Date and Time of Auction	Wednesday, 19/01/2022 between 01:00 PM to 03:00 PM
Last Date for Submission of EMD	Before Tuesday, 18/01/2022 06:00 P.M Payable through RTGS / DD to "Varia Aluminium Private Limited (In Liquidation)" having Account No. 25380200000218 and IFSC Code BARB0CORAHM
Inspection Date & Time	Monday, 17/01/2022 (11.00 AM to 5.00 PM) Contact Person: Rajendra D. Choudhary. (M: 9426623398)

Vehicle details (Amount in Rs.)

Type	Model	Reg. no.	Cubic Capacity	Reserve Price	EMD
Bus	Skyline Staff bus	GJ-01-CZ-9727	147 H.P.	4,03,560	40,356
LGV	Tata ACC 750 KG BSIII	GJ-01-CY-0531	702 CC	61,650	6,165

At the factory of Varia Aluminium Pvt. Ltd. Block No.766 - (Old 619/P), Bavla, Ahmedabad, GJ

The detailed terms & conditions, E-Auction application, Tender Document and other details of online Auction are available on http://www.eauctions.co.in and www.sunresolution.in. For any query, contact Mr. Dixit Prajapati (M: 7874138237) through Email: admin@eauctions.co.in or to the Email of the Liquidator: rdc_rca@yahoo.com

Sd/-
CA Ramchandra Dallaram Choudhary
Liquidator - Varia Aluminium Pvt. Ltd. (In Liquidation)
IP Reg. No: IBBI/IPA-001/IP-P00157/2017-18/10326

Place: Ahmedabad
Date:12th January, 2022

बैंक ऑफ बड़ौदा Bank of Baroda

Navyug College Branch, Ground Floor, Ravi Raj Apartment, Near Navyug College, Rander Road, Surat 395009, Ph. 0261 – 2786307 E-mail - ransur@bankofbaroda.com

NOTICE TO BORROWER

Date : 30.11.2021

(UNDER SUB-SECTION (2) OF SECTION 13 OF THE SARFAESI ACT, 2002)

To,

Mr. Manish Narainbhai Chopda, Mrs. Pushpa Manish Chopda

Add : Flat No – I 202 (2nd Floor) "B" Vaishnodevi Township B/s Vishnodevi Ideal Homes, Vankal, Surat 394430

Dear Sir/s

Re: Credit facilities with our NAVYUG COLLEGE SURAT Branch.

1. We refer to our sanction letter dated 15-07-2014 conveying sanction of various credit facilities and the terms of sanction. Pursuant to the above sanction you have availed and started utilising the credit facilities after providing security for the same, as hereinafter stated. The present outstanding in various loan/credit facility accounts and the security interests created for such liability are as under :

Nature and Type of facility	Limit (in Rs.)	Rate of Interest	O/s as on 30/11/2021 (inclusive of interest	Security Agreement with brief description

---

IDFC FIRST Bank Limited

(erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited) | CIN : L65110TN2014PLC097792
Registered Office: - KRM Towers, 8th Floor, Harrington Road, Chetpet, Chennai- 600031.
Tel : +91 44 4564 4000 | Fax: +91 44 4564 4022

IDFC FIRST Bank

Notice under Section 13 (2) of the Securitization and Reconstruction of Financial Assets and Enforcement of Security Interest Act, 2002

The following borrowers and co-borrowers availed the below mentioned secured loans from **IDFC FIRST Bank Limited (erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited)** The loans of the below-mentioned borrowers and co- borrowers have been secured by the mortgage of their respective properties. As they have failed to adhere to the terms and conditions of the respective loan agreements and had become irregular, their loan were classified as NPA as per the RBI guidelines. Amounts due by them to **IDFC FIRST Bank Limited (erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited)** are mentioned as per respective notices issued more particularly described in the following table and further interest on the said amounts shall also be applicable and the same will be charged as per contractual rate with effect from their respective dates.

Sr No.	Loan Account No.	Type of Loan	Name of borrowers and co-borrowers	Section 13 (2) Notice Date	Outstanding amount as per Section 13 (2) Notice	Property Address
1	28450032	Loan Against Property	1. Rashmitaben Thakor 2. Balaji Thakor 3. Shaileshkumar Balaji Thakor	24.12.2021	INR 4,38,632.50/-	All That Piece And Parcel Of Property No.1/98 Admeasuring, 15x45= 675.00 Sq. Fts. (62.73 Sq. Mtrs.) Of Village Ilampur, Ta & Dist : Patan And Bounded As : **East : House Of Thakor Makaji Amraji, West : House Of Thakor Ishwarji Babuji, North : House Of Thakor Chanduji Dhulaji, South : House Of Thakor Takhaji Amraji**

You are hereby called upon to pay the amounts to **IDFC FIRST Bank Limited (erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited)** as per the details shown in the above table with contracted rate of interest thereupon from their respective dates and other costs, charges etc., within 60 days from the date of this publication, failing which the undersigned shall be constrained to initiate proceedings, under Section 13 (4) and section 14 of the SARFAESI Act, against the mortgaged properties mentioned hereinabove to realize the amount due to **IDFC FIRST Bank Limited (erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited)** . Further you are prohibited under Section 13 (13) of the said Act from transferring the said secured assets either by way of sale/lease or otherwise.

Sd/-
Authorized Officer
IDFC First Bank Limited
(erstwhile Capital First Limited, amalgamated with IDFC Bank Limited and presently known as IDFC First Bank Limited)

Date : 12.01.2022
Place : Gujarat

ક્રૂડ તેલમાં ૧૭,૨૧,૬૦૦ બેરલના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં સુધારો

સોના-ચાંદીના ભાવમાં વૃદ્ધિ કપાસ, મેન્થા તેલમાં નરમાઈ



મુંબઈ, તા.૧૧

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૫,૩૨૨ સોદાઓમાં કુલ રૂ.૧૦,૩૯૧.૬૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૩૯ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના જાન્યુઆરી વાયદામાં ૯૬ પોઈન્ટની તેમ જ એનર્જી ઈન્ડેક્સના ફેબ્રુઆરી વાયદામાં ૪૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં ૪૧,૧૧૮ સોદાઓમાં કુલ રૂ.૨,૮૪૯.૮૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૫૮૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૬૧૮ અને નીચામાં રૂ.૪૭,૪૮૧ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૬ વધી રૂ.૪૭,૫૨૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૮ વધી રૂ.૩૮,૨૪૩ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૪,૭૬૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૮૨૦ ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૯૯૩ અને નીચામાં રૂ.૬૦,૬૩૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૯૯ વધી રૂ.૬૦,૭૬૬ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૨૪ વધી રૂ.૬૧,૦૮૪ અને ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૧૧ વધી રૂ.૬૧,૦૭૩ બોલાઈ રહ્યો હતો.

બુલડેક્સ ફ્યુચર્સમાં ૩૯ પોઈન્ટ, મેટલડેક્સ ફ્યુચર્સમાં ૯૬ પોઈન્ટ અને એનર્જી ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૪૦ પોઈન્ટની મૂવમેન્ટ

બિનલોહ ધાતુઓમાં ૧૧,૯૨૦ સોદાઓમાં રૂ.૨,૫૧૫.૮૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૨૦ વધી રૂ.૨૩૨.૪૦ અને જસત જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ વધી રૂ.૨૮૭ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૩૦ વધી રૂ.૭૩૬.૦૫ અને નિકલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૫.૨ વધી રૂ.૧,૫૯૪.૪૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૫ વધી રૂ.૧૮૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૨૭,૧૮૨ સોદાઓમાં કુલ રૂ.૧,૮૫૭.૧૫ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૮૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૮૯૨ અને નીચામાં રૂ.૫,૮૧૨ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૭૪ વધી રૂ.૫,૮૬૯ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫.૧૦ ઘટી રૂ.૨૯૭.૩૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૧૭૨ સોદાઓમાં રૂ.૨૧૮.૯૪ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૯૭૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૯૭૯ અને નીચામાં રૂ.૧૯૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૦.૫૦ ઘટી રૂ.૧,૯૭૭ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર જાન્યુઆરી વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૬,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૬,૧૧૨ અને નીચામાં રૂ.૧૫,૯૭૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬ વધી રૂ.૧૬,૦૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૧૦ અને નીચામાં રૂ.૧૧૧૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં કોઈ ફેરફાર વગર રૂ.૧૧૧૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૩.૨૦ ઘટી રૂ.૧૦૦૫.૬૦ અને કોટન જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૩૬૦ વધી રૂ.૩૫,૧૦૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓના વાયદાઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૭,૭૦૭ સોદાઓમાં રૂ.૧,૫૦૯.૦૭ કરોડનાં ૩,૧૭૧.૯૦૫ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૩૩,૪૧૧ સોદાઓમાં કુલ રૂ.૧,૩૪૦.૭૯ કરોડનાં ૨૧૯.૮૪૭ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૨૦૪.૧૪ કરોડનાં ૮,૭૮૦ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૫૧.૩૩ કરોડનાં ૮,૭૭૦ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૭૩૦.૧૭ કરોડનાં ૯,૯૧૫ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૧,૨૭૭.૬૮ કરોડનાં ૮,૦૪૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૫૨.૫૬ કરોડનાં ૨,૮૩૦ ટનનાં કામકાજ થયાં હતાં.

કરોડોનું ટર્નઓવર અને હજારોને રોજગારી આપતો પતંગ ઉદ્યોગ

ખંભાત,તા.૧૧

મકરસંક્રાતિ એટલે રંગબેરંગી પતંગોની દુનિયામાં ડોકીયુ કરવાનો દિવસ. પતંગોના વિશ્વ પાછળ લાખો લોકોને રોજગારી મળે છે. કરોડો રૂપિયાનું ટર્નઓવર કરતો આ પતંગ ઉદ્યોગ વર્ષના ૧૫ દિવસ જ બંધ રહે છે. એમ કહેવુ જરાય ખોટુ નથી કે બારેમહિના પતંગ ઉદ્યોગ ધમધમતો રહે છે. હવે પતંગની વાત આવે એટલે સ્વાભાવિક તેની સાથે જોડાયેલી અનેક રસપ્રદ વાતોનો ઉલ્લેખ કરવો જ રહ્યો. ઘણા ઓછા લોકોને ખ્યાલ હશે કે વિશ્વભરમાં અમદાવાદનો પતંગ ઉદ્યોગ સૌથી મોટો છે અને ત્યાર પછી નંબર આવે છે,ખંભાતના પતંગ ઉદ્યોગનો.



ખંભાતનો પતંગ ઉદ્યોગ ગુંજરત જ નહિ વિદેશ સુંધી વિસ્તર્યો છે.ખંભાતની પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉપરાંત નૈરોબી,દુબઈ,અમેરિકા સહિતના સ્થાનિક ઉજવણીમાં પહોચે છે.પતંગ ઉદ્યોગ એક એવો બિઝનેશ છે જે હજારો મહિલાઓને રોજગાર આપે છે. ખંભાતમાં જ અંદાજે ચાર હજારથી પણ વધારે મહિલાઓ આ ઉદ્યોગ પર નિર્ભર છે. જ્યારે અમદાવાદમાં દસ હજાર જેટલી મહિલાઓ આ ઉદ્યોગ સાથે જોડાયેલી છે.

પતંગ ઉદ્યોગ સાથે જોડાયેલા નીરજભાઈ ચુનારા કહે છે કે, ખંભાતના પતંગ ઉત્પદકો આસામથી વાંસ મંગાવે છે. જેના ભાવમાં ૨૦ ટકાનો અને કાગળમાં ૧૫ ટકાનો વધારો થયો છે.એટલે ચાલુ વર્ષે પતંગ ઉત્પાદન વધશે તેની સાથે પતંગના ભાવ પણ ૨૦ ટકાનો વધારો થયો છે. ખંભાતી પતંગની ડિમાન્ડ સમગ્ર દેશમાં છે. ગુજરાતની વાત કરીએ તો અમદાવાદ, વડોદરા, નડિયાદ, ભરૂચ ઉપરાંત અનેક શહેરોમાં છે. ખંભાતમાં ૫૦ કરોડ જેટલો ટર્ન ઓવર થવાની શકયતા છે.

ઉલ્લેખનીય છે કે, ખંભાતમાં ૧૨૦૦થી વધુ પરિવાર પતંગ ઉદ્યોગ સાથે સંકળાયેલા છે.૭ હજાર જેટલા પતંગ કારીગરો પતંગો બનાવવાનું કામ કરી રહ્યા છે. જેમાં ૪ હજારથી વધુ મહિલાઓ પોતાના ઘરે પતંગો બનાવીને રોજગારી મેળવે છે.

પતંગ ઉત્પાદક અનિકેત ખંભાતી કહે છે કે, ખંભાતમાં કલકત્તાથી કમાન મંગાવવામાં આવે છે. જે ચીડિયો પાડેલી આવે છે.

મહિનાઓથી આની રાહ જોઈ રહ્યું હતું

આનંદ મહિન્દ્રાને ૧૨ વર્ષમાં જ કંપની વેચવાની ફરજ પડી



મુંબઈ,તા.૧૧

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાની દક્ષિણ કોરિયન કંપની સાંગયાંગ મોટર આખરે વેચાઈ ગઈ છે. આનંદ મહિન્દ્રાનું એમએન્ડએમ ગ્રુપ ઘણા મહિનાઓથી આની રાહ જોઈ રહ્યું હતું. મહિન્દ્રા ગ્રુપ લાંબા સમયથી આ કંપનીને વેચવાનો પ્રયાસ કરી રહ્યું હતું, પરંતુ કોઈ ખરીદનાર મળી રહ્યો ન હતો. હવે આખરે દક્ષિણ કોરિયાની કેટલીક કંપનીઓનું ગઠબંધન તેને ખરીદવા માટે સંમત થયું છે.

આ મામલો ઘણા મહિનાઓથી કોર્ટમાં ફરતો હતો. મહિન્દ્રા ગ્રુપને કોઈ ખરીદદાર ન મળતાં મામલો કોર્ટમાં ગયો. હવે સ્થાનિક કંપનીઓનું એક કન્સોર્ટિયમ ૩૦૫ બિલિયન વોન (લગભગ $૨૫૪.૫૬ મિલિયન)માં સાંગયાંગ મોટર ખરીદવા માટે સંમત થયું છે. મહિન્દ્રાએ આ કંપનીને ૧૨ વર્ષ પહેલા ૨૦૧૦માં હસ્તગત કરી હતી.

મહિન્દ્રા ગ્રૂપે એપ્રિલ ૨૦૨૦માં નિર્ણય લીધો હતો કે હવે આ કંપનીમાં નાણાંનું રોકાણ કરવામાં આવશે નહીં

મહિન્દ્રા ગ્રૂપ લાંબા સમયથી સાંગયાંગ મોટરમાં નાણાંનું રોકાણ કરી રહ્યું હતું, પરંતુ કોઈ યોગ્ય વળતર મળતું ન હતું. આ પછી મહિન્દ્રા ગ્રૂપે એપ્રિલ ૨૦૨૦માં નિર્ણય લીધો હતો કે હવે આ કંપનીમાં નાણાંનું રોકાણ કરવામાં આવશે નહીં. આ પછી મહિન્દ્રાએ ખરીદદારો શોધવાનું શરૂ કર્યું. વર્ષ ૨૦૨૦ ના અંત પહેલા જ, સાંગયાંગ મોટરે ૧૦૦ બિલિયન વોનના દેવાના કારણે નાદારીનો કેસ દાખલ કરવો જરૂરી હતો.

બાદમાં, કોરોના વાયરસના કારણે ફેલાતા રોગચાળાએ સાંગયાંગ મોટર માટે પરિસ્થિતિ વધુ ખરાબ કરી. કંપનીના વેચાણમાં સતત ઘટાડો થયો અને ૨૦૨૧માં માત્ર ૮૪ હજાર યુનિટ વેચાયા. આ એક વર્ષ પહેલા કરતાં લગભગ ૨૧ ટકા ઓછું હતું. વર્ષ ૨૦૨૧ માં, તેને પ્રથમ નવ મહિનામાં ૨૩૮ બિલિયન વોનનું ઓપરેટિંગ નુકસાન થયું હતું.

મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાએ સાંગયાંગ મોટર હસ્તગત કર્યા પછી SUV અને ઈલેક્ટ્રિક વાહનો પર ધ્યાન કેન્દ્રિત કરવાની વ્યૂહરચના અપનાવી, જે સફળ થઈ ન હતી. આ ૭૦ વર્ષ જૂની કંપની ૧૯૮૮માં સાંગયાંગ બિઝનેસ ગ્રુપ દ્વારા ડીઓએમજી-A મોટર પાસેથી ખરીદી હતી. બાદમાં તે ડેવુ મોટર્સ અને એસએઆઈસી દ્વારા ખરીદવામાં આવ્યું હતું, જેમની પાસેથી મહિન્દ્રાએ તેને હસ્તગત કર્યું હતું. હવે આ દાયકાઓ જૂની કંપની ફરી નવા માલિક પાસે પહોંચી છે.

વિદેશીઓને પણ વઢવાણી રાયતા મરચાનો ચસ્કો લાગ્યો

રાજકોટ,તા.૧૧

શિયાળો હોય અને ગુજરાતીઓના ઘરમાં વઢવાણી રાયતા મરચા ન બને તેવું શક્ય જ નથી. વઢવાણી મરચાનું જ્યારે અથાણું બનતું હોય ત્યારે તેની સોડમ આખા ઘરમાં પ્રસરી જતી હોય છે. જો કે, આ મરચાની સોડમ હવે ગુજરાત પૂરતી સીમિત ન રહેતા દુબઈ, ઈંગ્લેન્ડ તેમજ અમેરિકા સુધી પહોંચી ગઈ છે. વિદેશમાં પણ વઢવાણી રાયતા મરચાની એટલી માગ છે કે ગૃહઉદ્યોગ ચલાવતી મહિલાઓને તેનાથી સારી એવી કમાણી થઈ રહી છે. સુરેન્દ્રનગરના વઢવાણમાં જ વર્ધમાનગૃહ ઉદ્યોગ દ્વારા વઢવાણી રાયતા મરચાના વેચાણ થકી મહિલાઓને રોજગારી આપવામાં આવી રહી છે. દર વર્ષે સીઝનમાં ૨ હજાર મણ જેટલા રાયતા મરચાના ઉત્પાદન થકી અહીંની ઘણી મહિલાઓ આવક મેળવતી થઈ ગઈ છે. વર્તમાન ગૃહ ઉદ્યોગના પન્નાબેન શુક્લાએ જણાવ્યું હતું કે, તેમના ગૃહ ઉદ્યોગમાં ખાખરા, પાપડ તેમજ અથાણા સહિતની વસ્તુઓ બને છે. પરંતુ જ્યારે વઢવાણી મરચાની સીઝન ચાલી રહી હોય ત્યારે રાયતા મરચા બનાવીને વેચે છે. રાયતા મરચાની સીઝન નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ચાલે છે. વઢવાણી મરચાનું વેચાણ ગુજરાત સિવાય મહારાષ્ટ્ર, કોલકાતા તેમજ સાઉથના રાજ્યોમાં પણ થાય છે અને હવે તો વિદેશમાં પણ તેની જબરદસ્ત માગ છે. દર વર્ષે ૩ હજાર મણ મરચા વેચાય છે અને તેના થકી ૧૮ લાખથી વધુની આવક થાય છે.

રોજગાર પર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર

દેશમાં ગુજરાત સહિત 3 રાજ્યોમાં રોજગારની સ્થિતિમાં સુધારો થયો



નવીદિલ્હી,તા.૧૧

એપ્રિલ અને મે મહિનામાં આખો દેશ કોરોનાની બીજી લહેર સામે ઝઝૂમી રહ્યો હતો. આ લહેરને કારણે ફરી એકવાર વાહનવ્યવહાર પર અંકુશ આવી ગયો હતો અને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવા માટે વિવિધ નિયમો અને નિયંત્રણો હતા. ૯ ક્ષેત્રોમાંથી રોજગારીના આંકડા આપવામાં આવ્યા છે તેમાં ઉત્પાદન, બાંધકામ, વેપાર, પરિવહન, શિક્ષણ, આરોગ્ય, રહેઠાણ અને રેસ્ટોરન્ટ, IT-BPO અને નાણાકીય સેવાઓ, બિન-ખેતી ક્ષેત્રોમાં એકાઉન્ટિંગનો સમાવેશ થાય છે. આપને જણાવી દઈએ કે આ રિપોર્ટ હાલમાં જ શ્રમ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવ્યો છે. પ્રથમ રિપોર્ટ એપ્રિલ-જૂન ક્વાર્ટર માટે જાહેર કરવામાં આવ્યો હતો. આ અભ્યાસ ૧૦ કે તેથી વધુ કર્મચારીઓ ધરાવતી તમામ સંસ્થાઓને આવરી લે છે.

ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટર માટે અલગ-અલગ રોજગાર ડેટા પણ છે. એમ્પ્લોઈઝ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશનએ ઓક્ટોબર ૨૦૨૧ માં ૧૨.૭૩ લાખ સબસ્ક્રાઈબર્સ ઉમેર્યા હતા. આ ઓક્ટોબર ૨૦૨૦ કરતા ૧૦.૨૨ ટકા વધુ છે. શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઓક્ટોબર ૨૦૨૧ માં કુલ ૧૨.૭૩ લાખ શેરધારકો EPFO ??સાથે જોડાયા હતા. એક વર્ષ પહેલા ઓક્ટોબર ૨૦૨૦માં ૧૧.૫૫ લાખ સભ્યો EPFOમાં જોડાયા હતા.

ઓક્ટોબરમાં ઉમેરાયેલા નવા શેરધારકોમાંથી ૭.૫૭ લાખ નવા સભ્યો પ્રથમ વખત કર્મચારી ભવિષ્ય નિધિ અને વિવિધ જોગવાઈઓ અધિનિયમ, ૧૯૫૨ હેઠળ નોંધાયા છે. તે મહિનામાં લગભગ ૫.૧૬ લાખ સભ્યો વિભાજન પછી તેમના ખાતાને સ્થાનાંતરિત કરીને ફરીથી EPFO ??સાથે જોડાયા હતા. શ્રમ મંત્રાલયના જણાવ્યા અનુસાર પેરોલ ડેટાના વિશ્લેષણ દર્શાવે છે કે નવા નોંધાયેલા સભ્યોમાં ૨૨-૨૫ વર્ષની વયના કર્મચારીઓ સૌથી વધુ છે. ઓક્ટોબર ૨૦૨૧માં આ વય જૂથના કુલ ૩.૩૭ લાખ સબસ્ક્રાઈબર્સ EPFOમાં જોડાયા હતા. આ ઉપરાંત ૧૮-૨૧ વર્ષની વયના ૨.૫૦ લાખ નવા સભ્યો ઉમેરાયા છે. રાજ્ય સ્તરે, મહારાષ્ટ્ર, હરિયાણા, ગુજરાત, તમિલનાડુ અને કર્ણાટકમાં કુલ ૭.૭૨ લાખ નવા સબસરાઈબર્સ ઉમેરાયા છે. આ કુલ નવા સભ્યોના ૬૦.૬૪ ટકા છે. લિંગના આધારે ઓક્ટોબર ૨૦૨૧ માં નવા નોંધાયેલા સબસ્ક્રાઈબર્સની સંખ્યા ૨.૬૯ લાખ હતી જેમાં ૨૧.૧૪ ટકા મહિલાઓ હતી.રોજગાર પર સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં ૯ મોટા ક્ષેત્રોમાં કુલ ૩.૧૦ કરોડ નોકરીઓનું સર્જન થયું છે. જે એપ્રિલ-જૂન ક્વાર્ટર કરતાં ૨ લાખ વધુ છે. આ માહિતી શ્રમ મંત્રાલયે શેર કરી છે. રોજગારમાં આ વધારો દર્શાવે છે કે જુલાઈ-સપ્ટેમ્બર ક્વાર્ટરમાં આર્થિક પ્રવૃત્તિમાં સુધારો થયો છે.

મહારાષ્ટ્રમાં કોરોનાની ભયાનક સ્થિતિ વચ્ચે

નાગપુરના માર્કેટમાં મોટી ભીડ જોવા મળી



મહારાષ્ટ્ર,તા.૧૧

નાગપુરના બજારમાં ઘણા લોકો માસ્ક વગર જોવા મળ્યા હતા, જેમાં પુરૂષો અને મહિલાઓ બંનેનો સમાવેશ થાય છે. તસ્વીરોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે શિયાળાની ઋતુમાં ગરમ ??કપડા ખરીદવા માટે નાગપુરના બજારમાં મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જેમાં મોટી સંખ્યામાં મહિલાઓનો સમાવેશ થાય છે. બજારોમાં ઘણી મહિલાઓ માસ્ક વગર જોવા મળે છે. તે જ સમયે, રસ્તાઓ પર મોટી સંખ્યામાં વાહનો પણ જોવા મળે છે. મહારાષ્ટ્રમાં કોરોનાના વધતા સંક્રમણ વચ્ચે નાગપુરમાં પણ મોટી સંખ્યામાં દર્દીઓ દેખાઈ રહ્યા છે. રવિવારે નાગપુરમાં ૮૩૨ નવા કેસ નોંધાયા હતા. તે જ સમયે, એક દિવસમાં ૯૬ લોકો સંક્રમણથી સ્વસ્થ થયા. રવિવાર સુધી, નાગપુર જિલ્લામાં કોરોનાના ૩૩૪૫ સક્રિય કેસ હતા. દરરોજ સંક્રમિતોની સંખ્યા વધી રહી છે. આવી સ્થિતિમાં બજારમાં ઘણી બેદરકારી જોવા મળી રહી છે. બજારમાં કોરોના નિયમોનો ભંગ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમણના કેસ ઝડપથી વધી રહ્યા છે. છેલ્લા ચોવીસ કલાકમાં ૩૩ હજાર ૪૭૦ નવા દર્દીઓ સામે આવ્યા છે. જ્યારે રવિવારે આ કેસ ૪૪ હજારથી વધુ હતા. આજે સંક્રમણના સંખ્યાબંધ કેસ નોંધાયા છે. આજે સંક્રમણને કારણે પાંચ લોકોએ જીવ ગુમાવ્યા છે. વધતા સંક્રમણ વચ્ચે નાગપુરના માર્કેટમાં ઘણી બેદરકારી જોવા મળી રહી છે.મહારાષ્ટ્રમાં કોરોનાની ભયાનક સ્થિતિ વચ્ચે નાગપુર માર્કેટમાં મોટી ભીડ ઉમટેલી જોવા મળી છે. નાગપુરના સીતાબુલડી મેઈન રોડ પર હજારો લોકો ખરીદી કરવા પહોંચ્યા હતા. આ દરમિયાન, કોરોના નિયમોનો ખુલ્લેઆમ ભંગ કરવામાં આવ્યો હતો. વધી રહેલા કોરોના સંક્રમણ વચ્ચે જે તસવીરો સામે આવી છે તે ભયજનક છે. એક તરફ, રાજ્યમાં દરરોજ કોરોનાના વિસ્ફોટક કેસ સામે આવી રહ્યા છે, તો બીજી તરફ, માસ્ક વિના બજારોમાં પહોંચતા લોકોએ આશ્ચર્ય ઉભુ કર્યું છે.

બર્ગર બોય તરીકે કામ કરતા ઝાઓ વિશ્વના ટોચના ધનિક

બેઈજિંગ, તા.૧૧

બિટકોઈન ક્રિપ્ટોકરન્સીના કારણે દુનિયાના ઘણા લોકોનું નસીબ બદલાઈ ગયું છે. તેમાં એક વ્યક્તિ એવી છે જે અગાઉ મેકડોનલ્ડની રેસ્ટોરન્ટમાં બર્ગર બોય તરીકે કામ કરતી હતી, પરંતુ અત્યારે તેની સંપત્તિનું મૂલ્ય મુકેશ અંબાણીની મિલ્કતો કરતા પણ વધુ છે. આ વ્યક્તિ છે ચાંગપેંગ ઝાઓ. તેઓ માત્ર સાડા ચાર વર્ષની અંદર ટોચના ધનિક બની ગયા છે. બ્લૂમબર્ગના જણાવ્યા પ્રમાણે તેમની નેટવર્થ એશિયાના સૌથી અમીર ઉદ્યોગપતિ મુકેશ અંબાણી કરતા વધુ છે. ઝાઓ વિશ્વના સૌથી મોટા ક્રિપ્ટો કરન્સી એક્સચેન્જ બિનાન્સના સીઈઓ છે. તેમણે ૨૦૧૭માં તેની શરૂઆત કરી હતી અને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બનવામાં તેમને માત્ર સાડા ચાર વર્ષનો સમય લાગ્યો છે.

"Save Electricity"
Madhya Gujarat Vij Co. Ltd.
Corporate Office : - 5th Floor, Sardar Patel Vidyut Bhavan, Race Course, Vadodara.
Customer Care No. 19124

MGVCL

TENDER NOTICE NO. : (ID : 499465)

MGVCL Web site : www.mgvcl.com Dept-GoG:http://guj-epd.gov.in

Online tenders are invited from the indian manufacturers/Traders only for purchase of **Uniform Fabric for the male Employee of MGVCL for the Block Year 19-21** as per specifications, specimen, terms and conditions of tender. Tender documents available on web-site : **https://mgvcl.nprocure.com** (for on line submission, view and down load) and GUVNL / MGVCL websites **www.gseb.com & www.mgvcl.com** (for online view and download). Interested vendors may surf the above web sites.
Note : Be in touch with our websites till opening of tender.
Additional Chief Engineer (Proc)

M/S VARIA ALUMINIUM PRIVATE LIMITED (IN LIQUIDATION)
Liquidator's Address: 9-B, Vardan Complex, Nr. Vimal House, Lakhudi Circle, Navrangpura, Ahmedabad - 380 014. Contact: +91-79-26566577, Email ID: rdc_rca@yahoo.com

E-AUCTION SALE NOTICE

Notice for sale of the assets through E-Auction is hereby given to the public in general under section 35(f) of the Insolvency and Bankruptcy Code 2016 r.w. regulation 33 of Liquidation Process Regulations

Date and Time of Auction	Wednesday, 19/01/2022 between 01:00 PM to 03:00 PM
Last Date for Submission of EMD	Before Tuesday, 18/01/2022 06:00 P.M Payable through RTGS / DD to "Varia Aluminium Private Limited (In Liquidation)" having Account No. 25380200000218 and IFSC Code BARB0CORAHM
Inspection Date & Time	Monday, 17/01/2022 (11.00 AM to 5.00 PM) Contact Person: Rajendra D. Choudhary. (M: 9426623398)

Vehicle details				(Amount in Rs.)	
Type	Model	Reg. no.	Cubic Capacity	Reserve Price	EMD
Bus	Skyline Staff bus	GJ-01-CZ-9727	147 H.P.	4,03,560	40,356
LGV	Tata ACC 750 KG BSIII	GJ-01-CY-0531	702 CC	61,650	6,165

At the factory of Varia Aluminium Pvt. Ltd. Block No.766 - (Old 619/P), Bavla, Ahmedabad, GJ

The detailed terms & conditions, E-Auction application, Tender Document and other details of online Auction are available on http://www.eauctions.co.in and www.sunresolution.in. For any query, contact Mr. Dixit Prajapati (M: 7874138237) through Email: admin@eauctions.co.in or to the Email of the Liquidator: rdc_rca@yahoo.com

Sd/-
CA Ramchandra Dallaram Choudhary
Liquidator - Varia Aluminium Pvt. Ltd. (In Liquidation)
IP Reg. No: IBBI/IPA-001/IP-P00157/2017-18/10326

Place: Ahmedabad
Date:12th January, 2022

ઉત્તરાયણ પર્વે પતંગ-દોરીના ભાવમાં ૨૫થી ૩૦ ટકાનો ભાવ વધારો થયો



વડોદરા,તા.૧૧

ઉત્તરાયણનો તહેવારને હવે ચાર દિવસ બાકી રહ્યા છે. પતંગ રસીયાઓએ આગમચેતી તૈયારી હાથ ધરી લીધી છે. પતંગ અને દોરીના ભાવમાં ૨૫થી ૩૦ ટકાનો ભાવ વધારો થયો છે. કાચા માલ મોંઘો બનતા પતંગ અને દોરીના વેપારીઓએ પણ ભાવ વધારો કર્યો છે. મોંઘવારીના માર સાથે કોરોના ઈફેકટથી ઉતરાયણનું પર્વ ફિક્કુ પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. કાળઝાળ મોંઘવારીની આગ તહેવારોને પણ સ્પર્શી રહી છે.

આ વર્ષે મકરસંક્રાતિ પહેલા પતંગ-દોરાના ભાવોમાં તોતિંગ વધારો થતા પતંગ રસીયાઓ માટે ઉતરાયણમાં પતંગ ચગાવવાનુ મોંઘુ બની રહેશે તેમ જાણવા મળે છે. આથી કાળઝાળ મોઘવારીમાં પીસાતા સામાન્ય મધ્યમવર્ગ માટે ઉતરાયણમાં પતંગની મજા માણવાનુ પણ મોંઘુ બનશે. હાલ શહેરમાં પતંગ-દોરાના સ્ટોલ શરૂ થઈ ગયા છે, પરંતુ આ વર્ષે

કાળઝાળ મોઘવારીમાં પીસાતા સામાન્ય મધ્યમવર્ગ માટે ઉતરાયણમાં પતંગની મજા માણવાનુ પણ મોંઘુ બનશે

પતંગના ભાવમાં ૨૫ ટકાનો વધારો નોંધાયો છે. દર વર્ષની સરખામણીમાં હાલ પતંગ મોંઘી છે. ત્યારે વડોદરામાં ઉત્તરાયણ તહેવાર નિમિત્તે પતંગ બજારમાં માહોલ જામેલો જોવા મળ્યો છે. લોકો અવનવી પતંગની ખરીદી કરવા માટે બજારમાં ઉમટી રહ્યા છે. બજારમાં નાની-મોટી, સસ્તી મોંઘી દરેક પ્રકારની પતંગો ઉપલબ્ધ છે. બજારમાં સૌથી મોંઘી પતંગ ૧૫૦૦ રૂપિયાના પાંચ નંગ વેચાઈ રહી છે. પ્લાસ્ટિકની ૨૦ નંગ પતંગનો ભાવ ૫૦ રૂપિયા છે.

આ સાથે સૌથી મોંઘી દોરી ૧૫ હજાર વારની બે હજાર રૂપિયાની વેચાઈ રહી છે. નોંધનીય છે કે બજારમાં નાનાથી મોટી અને સસ્તાથી લઈ મોંઘી પતંગો ઉપલબ્ધ છે. આ વર્ષે ઉત્તરાયણ પૂર્વમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ફિલ્મ કલાકારોની પતંગ જોવા મળી રહી છે. ઉત્તરાયણના તહેવારને હવે ગણતરીના દિવસો બાકી છે. ત્યારે બજારમાં અનેક વેરાયટીના પતંગ જોવા મળી રહ્યા છે. આ વખતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કોરોના વાયરસ અને તેની સાવચેતીના પગલાં તેમજ વ્યસન મુક્તિ અને સીડીએસ બિપીન રાવત અમર રહોના સૂત્રો સહિતના અનેક સમાજને સંદેશો આપતી પતંગો તૈયાર કરવામાં આવી છે. આ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારની યોજનાઓ અંગે લોકોમાં જાગૃતિ લાવવાનો પતંગના વેપારીએ પ્રયાસ કર્યો છે.